# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨૨૬૩,ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
વેબસાઈટ: http://www.bknmu.edu.in ઈમેઈલ: info@bknmu.edu.in


પરિપત્ર :-

વિષય: યુવક મહોત્સવ 'અવસર- 2019'નાં પ્રવેશપત્રોની મુદત લંબાવવા બાબત.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ અને સાંસ્કૃતિક કો-ઓર્ડિનેટરશ્રીઓ/ટીમ મેનેજરશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓનાં વડાઓને ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, યુનિવર્સિટીનાં તૃતિય યુવક મહોત્સવ 'અવસર-2019' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા ઇચ્છુક વિધાર્થીઓનાં પ્રવેશપત્રો ભરવાની અંતિમ તારીખ 31/08/2019 રાખવામાં આવેલ હતી. જે યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ/સંચાલકોની માંગણી અને વિધાર્થીઓનાં હિતને ધ્યાનમાં રાખીને પ્રવેશપત્રો સ્વિકારવાની મુદત વધારવામાં આવેલ છે. આ સંદર્ભે યુવક મહોત્સવમાં ભાગ લેવા ઇચ્છુક વિધાર્થીઓનાં પ્રવેશપત્રો તા: 05/09/2019ને ગુરુવારનાં રોજ સાંજે 5.00 વાગ્યા સુંધીમાં શ્રી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જોષીપુરા ખાતે નિર્ધારીત ફી સાથે જમા કરાવવાનું જણાવવામાં આવે છે. સાથે જ નીચે જણાવેલ બાબત ધ્યાને લઇને સ્પર્ધકોનાં જરૂર મુજબનાં ડોક્યુમેન્ટ્સ જમા કરાવવાનાં રહેશે.

- યુવક મહોત્સવ માર્ગદર્શિકાનાં સામાન્ય નિયમો મુજબ 1 જુલાઇ, 2019નાં રોજ જેની ઉંમર 25 વર્ષ ન થતી હોય તેવા વિધાર્થીઓ ભાગ લઇ શકશે. (25 વર્ષથી ઉપરની ઉંમરનાં વિધાર્થીઓ ભાગ લઇ શકશે નહી.)
- ઉંમરનાં પુરાવા તરીકે સ્પર્ધકનું લિવિંગ સર્ટીફિકેટ, આધાર કાર્ડ પ્રવેશ ફોર્મ સાથે જમા કરાવવાનું રહેશે.

ઇ.ચા.રજીસ્ટ્રાર

ક્રમાંક:બીકેએનએમયું/રજી./ ૩૩૫ /૨૦૧૯-૨૦
તા.30/0૮/૨૦૧૯

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ અને સાંસ્કૃતિક કો-ઓર્ડિનેટરશ્રીઓ/ટીમ મેનેજરશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના :
- માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી તરફ...

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :
- આઈટી સેલ વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અર્થે.